# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૮-A તા.૦૧-૦૧-૨૦૨૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- HTAT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પનું ઓફલાઇન પદ્ધતિથી આયોજન કરવા બાબત

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૨૬૨૦-૨૬૭૨ તા.૩૧-૧૨-૨૦૨૪

આથી તમામ મ્યુનિ.શાળાઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સશઅ-૧૧૨૦૨૪-૧૨૧-ચ, તા:- ૨૦/૦૭/૨૦૨૪થી રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના બદલી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ વિભાગ દ્વારા પત્ર ક્રમાંક-ED/MSC/e-file/3/2024/3510/CH,તા.૨૭-૧૨-૨૦૨૪ થી HTAT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પ (ઓફલાઇન પદ્ધતિથી) નું વિગતવાર શિડ્યુલ જાહેર કરી અગ્રતાના ધોરણે કામગીરી પૂર્ણ કરવા જણાવેલ હોઇ **આ સાથે સામેલ સંદર્ભિત પત્રની સુચનાઓ ધ્યાને લઇ HTAT મુખ્ય શિક્ષક જે જિલ્લા ફેર બદલી(ઓફલાઈન પદ્ધતિ) થી અન્ય જિલ્લામાં જવા માંગતા હોય તેઓએ આ સાથે સામેલ ચેકલિસ્ટ મુજબ જરૂરી આધાર-પુરાવા સાથે તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીને સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે.**

બિડાણ :- સંદર્ભિત પત્ર તથા ચેકલિસ્ટ

તા.૦૧-૦૧-૨૦૨૫

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૨૬૨૦-૨૬૭૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તાઃ- ૩૧/૧૨/૨૦૨૪

પ્રતિ,

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ-તમામ

(૨) શાસનાધિકારીશ્રી
નગર શિક્ષણ સમિતિ-તમામ

**વિષયઃ-** HTAT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પનું ઓફલાઇન પધ્ધતિથી આયોજન કરવા બાબત.

**સંદર્ભ:**-૧.શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ- સશઅ-૧૧૨૦૨૪-૧૨૧-ચ, તાઃ- ૨૦/૦૭/૨૦૨૪
૨.શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ-ED/MSC/e-file/3/2024/3510/CH,તાઃ- ૨૭/૧૨/૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકોના બદલી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ-૨ ના પત્રથી HTAT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પ(ઓફલાઇન પધ્ધતિથી) નું વિગતવાર શિડ્યુલ જાહેર કરી અગ્રતાના ધોરણે કામગીરી પૂર્ણ કરવા સુચના આપેલ છે. (નકલ સામેલ છે.

શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ-૨ ના પત્રથી આપવામાં આવેલ સુચના અનુસાર રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત HTAT મુખ્ય શિક્ષકના વર્ષઃ- ૨૦૨૪-૨૫ ના જિલ્લા ફેર બદલી કેમ્પમાં મુખ્ય શિક્ષકની તમામ ખાલી જગ્યાઓ સંદર્ભ-૧ ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમોની જોગવાઇ અનુસાર (મહેકમ મુજબ) દર્શાવી ખાલી રહેલ જગ્યા પૈકીની ૭૫ ટકાની મર્યાદામાં જગ્યાઓ જિલ્લા ફેર બદલીથી ભરવા સુચના આપેલ છે જે ધ્યાને લઇ નીચે દર્શાવેલ સમય પત્રક અનુસાર HTAT મુખ્ય શિક્ષકોના જિલ્લા ફેર બદલી કેમ્પનું ઓફલાઇન પધ્ધતિથી આયોજન કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | HTAT મુખ્ય શિક્ષક દ્વારા જિલ્લા ફેર બદલી માટે અરજી કરવાનો સમયગાળો | તાઃ- ૦૧/૦૧/૨૦૨૫ થી તાઃ- ૦૭/૦૧/૨૦૨૫ |
| ૨. | HTAT મુખ્ય શિક્ષક દ્વારા કરેલ અરજીઓની ચકાસણી કરી માન્ય/અમાન્ય (કારણ સહિત) કરી જિલ્લા કક્ષાએ રજુ કરવાનો સમય(**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા**) | તાઃ- ૧૦/૦૧/૨૦૨૫ સુધીમાં |
| ૩. | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા રજુ કરેલ માન્ય/અમાન્ય કરેલ અરજીઓની ચકાસણી કરી માન્ય/અમાન્ય કરવા (લેખિત કારણ સહિત અરજદારને જાણ કરવા) માટેનો સમય **(જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા)** | તાઃ- ૧૬/૦૧/૨૦૨૫ સુધીમાં |
| ૪. | HTAT મુખ્ય શિક્ષક દ્વારા કરેલ અરજીઓ તમામ આધાર પુરાવા સહિત મંજુર કરવાપાત્ર અરજીઓની જિલ્લાવાર યાદી તૈયાર કરી અસલ અરજી સંબંધિત જિલ્લાઓને રૂબરૂ આપવા માટેનો સમય | તાઃ- ૧૭/૦૧/૨૦૨૫ **સ્થળઃ**-૧૧-૦૦ કલાકે, પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી, ગાંધીનગર |

| | | |
|---|---|---|
| ૫. | સંબંધિત જિલ્લા/નગરને મળેલ અરજીઓની અગ્રતા/શ્રેયાનતા મુજબની યાદી જાહેર કરવા માટેનો સમય | તાઃ- ૧૯/૦૧/૨૦૨૫ |
| ૬. | જિલ્લા ફેર બદલી માટે કેમ્પ દ્વારા શાળા પસંદગી કરાવી હુકમ ઇશ્યુ કરવા માટેનો સમય | તાઃ- ૨૭/૦૧/૨૦૨૫ |

HTAT મુખ્ય શિક્ષકને જિલ્લા ફેર બદલી કેમ્પ માટે અરજી કરવાના સમયગાળાની જાણ તમામ સંબંધિત HTAT મુખ્ય શિક્ષકને થાય તે સુનિશ્ચિત કરી ઉક્ત સમયપત્રક મુજબ શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમો તેમજ વખતોવખતની સુચનાઓનું ચુસ્ત રીતે પાલન થાય તે રીતે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લઇ HTAT મુખ્ય શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પનું ઓફલાઇન પધ્ધતિથી આયોજન કરવા જણાવવામાં આવે છે.

**સુચનાઓઃ-**

1. HTAT મુખ્ય શિક્ષકે જિલ્લા ફેર બદલી માટેની અરજી જે તાલુકામાં ફરજ બજાવતાં હોય તે તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સમયમર્યાદામાં રજુ કરવાની રહેશે.
   (નોંધઃ- શિક્ષણ વિભાગના તાઃ- ૨૦/૦૭/૨૦૨૪ ના ઠરાવથી પ્રસિધ્ધ મુખ્ય શિક્ષકના બદલી નિયમોમાં કરેલ જોગવાઇ મુજબના તમામ આધાર પુરાવા, સ્વઘોષણા તથા નિયત કરેલ પરિશિષ્ટ અરજી સાથે બિડાવાના રહેશે.)
2. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ મળેલ અરજીઓ સમયપત્રકમાં સુચવેલ સમયમર્યાદામાં ચકાસણી કરી (માન્ય/અમાન્ય) અરજીઓ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.
3. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીએ તાલુકા કક્ષાએથી રજુ તમામ અરજીઓની ચકાસણી કરી માન્ય/અમાન્ય કરવાની કામગીરી સમયપત્રકમાં સુચવેલ સમયમર્યાદામાં કરવાની રહેશે.અમાન્ય કરેલ અરજીઓની લેખિત કારણ સહિત અરજદારને જાણ કરવાની રહેશે.

નોંધ પર નિયામકશ્રીના આદેશાનુસાર,

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા .ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧ ગુજરાત સરકાર
- અંગત મદદનીશશ્રી, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૨ ગુજરાત સરકાર
- માન. અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત,

## મુખ્યશિક્ષકની જિલ્લા ફેર બદલી( ઓફલાઈન) અંગે રજુ કરવા અંગેનું ચેકલીસ્ટ

(ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવક્રમાંક : સશઅ-૧૧૨૦૨૪-૧૨૧-ચ તા: ૨૦/૭/૨૦૨૪ ના ઠરાવ અન્વયે )

બદલીનો પ્રકાર : અગ્રતા/સિનીયોરીટી　　　　અગ્રતાનો પ્રકાર :-

જિલ્લા ફેર બદલીથી માંગણી કરેલ જિલ્લા/નગરનું નામઃ-

જો અગ્રતા બદલી હોય તો અગ્રતાનો લાભ આ અગાઉ લીધેલ છે ? હા કે ના　　　　સીધી ભરતી/બઢતી :-

| | | | | |
|---|---|---|---|---|
| 1 | મુખ્યશિક્ષકનું પૂરું નામ :-(નામ-પિતા/પતિનું નામ-અટક) | | | |
| 2 | મુખ્યશિક્ષક તરીકે મળેલ પ્રથમ નિમણુંક મળેલ હોય તે હુકમની તારીખ :- (હુકમની નકલના આધારે) | | હાજર થયા તારીખ :- | |
| 3 | મુખ્યશિક્ષક તરીકે ખાતામાં દાખલ તારીખઃ- | | | |
| 4 | મુખ્યશિક્ષક તરીકે પ્રથમ નિમણુંક મેળવેલ શાળાનું નામ :- | | | |
| 5 | મુખ્યશિક્ષક તરીકે પ્રથમ નિમણુંક મેળવેલ પે-સેન્ટર શાળાનું નામ અને તાલુકો :- | | | |
| 6 | મુખ્યશિક્ષકની હાલની શાળાનું નામ :- | | | |
| 7 | મુખ્યશિક્ષકની હાલની શાળાની પે-સેન્ટર શાળાનું નામ અને તાલુકો :- | | | |
| 8 | મુખ્યશિક્ષકની હાલની શાળાના હુકમની તારીખ :- | | હાજર થયા તારીખ :- | |
| 9 | જન્મતારીખ :- | | | |
| 10 | મોબાઇલ નંબર | | | |

### મુખ્યશિક્ષક તરીકે દાખલ તારીખથી અત્યાર સુધીનો ફરજનો સમયગાળો

| ક્રમ | શાળાનું નામ અને તાલુકો | હુકમ નંબર અને તારીખ | હાજર તારીખ | બદલી/ નિમણુંકનો પ્રકાર |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

### મુખ્યશિક્ષક તરીકે ફરજના સમયગાળા દરમ્યાન ભોગવેલ ફક્ત કપાત પગારી(LWP) રજાઓની વિગત

| ક્રમ | શાળાનું નામ | કઈ તારીખથી | કઈ તારીખ સુધી | કુલ દિવસ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

| | | |
|---|---|---|
| 11 | કપાત પગારી રજા બાદ કરી જિલ્લા ફેર બદલી માટે સિનીયોરીટી માટેની તારીખ :- | |
| 12 | ખાતાકીય/ફોજદારી(પોલીસ કે અદાલતી) તપાસ સૂચિત, ચાલુ કે પડતર હોય તો તે અંગેની વિગતો દર્શાવવીઃ- | |
| 13 | બદલી માંગનાર HTAT મુખ્ય શિક્ષકના છેલ્લા ૩ વર્ષના ખાનગી અહેવાલની વિગતોઃ- | |
| 14 | ખાનગી અહેવાલમાં વિરુધ્ધ નોંધ છે..?(હા/ના) જો હા તો તેની વિગત | |
| 15 | બદલી માંગનાર HTAT મુખ્ય શિક્ષકનું સરકારી લેણું બાકી ન હોવા અંગેની વિગતો | |

મુખ્યશિક્ષકની સહી:-

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે ઉપર મુજબની તમામ વિગત કચેરીના રેકર્ડ ઉપરથી લખી આપવામાં આવે છે. જેની અમોએ જાતે ચકાસણી કરેલ છે. તેમજ ઉપર દર્શાવેલ વિગતના તમામ આધાર-પુરાવાની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

| | |
|---|---|
| તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| તાલુકા પંચાયત .............. | જિલ્લા શિક્ષણ સમિતિ |